દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬

# ચંદ્રએ સોમનાથનું મંદિર સોનાથી, રાવણે ચાંદીથી અને કૃષ્ણએ ચંદનથી બનાવ્યું હતું

સોમનાથ એ ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશના પ્રભાસ પાટણ, વેરાવળમાં દરિયાકિનારે આવેલું એક ભવ્ય મંદિર છે. ભગવાન શિવના 12 પવિત્ર જ્યોતિર્લિંગોમાંનું એક અહીં સોમનાથમાં છે. શિવપુરાણના 13મા અધ્યાયમાં પણ સોમનાથ મંદિરનો ઉલ્લેખ છે. મંદિરનું પુનઃનિર્માણ ભૂતકાળમાં અનેક મુસ્લિમ આક્રમણકારો અને શાસકો દ્વારા વારંવાર વિનાશ બાદ કરવામાં આવ્યું હતું, ખાસ કરીને 11મી સદીમાં મહમૂદ ગઝનીના હુમલાથી શરૂ થયું હતું. ત્રિવેણી સંગમ હોવાના કારણે સોમનાથનું સ્થળ પ્રાચીન કાળથી તીર્થસ્થળ રહ્યું છેઃ કપિલા, હિરણ અને સરસ્વતી નામની ત્રણ નદીઓનો સંગમ. ગુર્જર-પ્રતિહાર રાજા નાગભટ્ટ II એ નોંધ્યું છે કે તેમણે સૌરાષ્ટ્રના તીર્થોની મુલાકાત લીધી છે, જેમાં મંદિરનું વૈકલ્પિક નામ સોમેશ્વર પણ છે. 1026 માં, ભીમ I ના શાસન દરમિયાન, ગઝનીના તુર્કિક મુસ્લિમ શાસક મહમુદે સોમનાથ મંદિર પર હુમલો કર્યો અને લૂંટી લીધું, તેના જ્યોતિર્લિંગને તોડી નાખ્યું. તેણે 20 મિલિયન દિનારની લૂંટ ચલાવી હતી. 1169માં એક શિલાલેખ મુજબ કુમારપાલે (આર. 1143-72) સોમનાથ મંદિરને "ઝવેરાતથી જડેલા ઉત્તમ પથ્થરથી " માં પુનઃનિર્માણ કરાવ્યું. તેણે ક્ષીણ થઈ રહેલા લાકડાના મંદિરનું સ્થાન લીધું. તેના 1299ના ગુજરાત પરના આક્રમણ દરમિયાન, ઉલુઘ ખાનની આગેવાની હેઠળ અલાઉદ્દીન ખલજીની સેનાએ વાઘેલા રાજા કર્ણને હરાવ્યો અને સોમનાથ મંદિરને તોડી પાડ્યું. 1308માં સૌરાષ્ટ્રના ચુડાસમા રાજા મહિપાલ I દ્વારા મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું અને 1331 અને 1351 ની વચ્ચે તેમના પુત્ર ખેંગારા દ્વારા લિંગની સ્થાપના કરવામાં આવી હતી. 1395માં, દિલ્હી સલ્તનત હેઠળના ગુજરાતના છેલ્લા ગવર્નર અને બાદમાં ગુજરાત સલ્તનતના સ્થાપક ઝફર ખાન દ્વારા મંદિરનો ત્રીજી વખત નાશ કરવામાં આવ્યો હતો.

ભારતના લોખંડી પુરૂષ અને નાયબ વડાપ્રધાન વલ્લભભાઈ પટેલ 12 નવેમ્બર 1947ના રોજ જૂનાગઢ આવ્યા હતા તે સમયે તેમણે સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો આદેશ આપ્યો હતો. તદનુસાર, ભંડોળ એકત્ર કરવા અને મંદિરના નિર્માણની દેખરેખ માટે સોમનાથ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાતમાં મંદિરોના પરંપરાગત સોમાપુરી બિલ્ડરો દ્વારા નવું માળખું બનાવવામાં આવ્યું હતું. 11 મે 1951ના રોજ, ભારતના રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે મંદિરની સ્થાપના વિધિ કરી હતી. શું છે પૌરાણિક કથા ચંદ્રના લગ્ન દક્ષની સત્તાવીસ



પુત્રી સાથે થયા હતા. જોકે તેણે રોહિણીની તરફેણ કરી અને અન્ય રાણીઓની અવગણના કરી. વ્યથિત દક્ષે ચંદ્રને શાપ આપ્યો અને ચંદ્રએ પ્રકાશની શક્તિ ગુમાવી દીધી. પ્રજાપિતા બ્રહ્માની સલાહથી ચંદ્ર પ્રભાસ તીર્થ પર આવ્યા અને સમુદ્ર કિનારે ભગવાન શિવની પૂજા કરી. ચંદ્રદેવની તપસ્યા અને ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શિવે તેમને આશીર્વાદ આપ્યા અને અંધકારના શાપમાંથી મુક્તિ અપાવી. ચંદ્રની વિનંતીથી ભગવાન શિવ અહીં જ સમુદ્ર કિનારે જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજ્યા. ચંદ્રદેવનું બીજું નામ સોમ છે એટલે મહાદેવ અહીં સોમનાથ સ્વરૂપે બિરાજ્યા. પુરાણોમાં ઉલ્લેખ મળે છે કે ચંદ્રએ સુવર્ણ મંદિર બનાવ્યું હતું, એ પછી રાવણ દ્વારા ચાંદીનું મંદિર બનાવવામાં આવ્યું હતું, ભગવાન શ્રી કૃષ્ણએ સોમનાથ મંદિર ચંદન વડે બનાવ્યું હોવાનું માનવામાં આવે છે. શ્રાવણના ત્રીજા દિવસે થઈ પહેલી પ્રાણ-પ્રતિષ્ઠા પ્રાચીન ભારતીય શાસ્ત્રીય ગ્રંથો પર આધારિત સંશોધન દર્શાવે છે કે સૌપ્રથમ સોમનાથ જ્યોતિર્લિંગ પ્રાણ-પ્રતિષ્ઠા વૈવસ્વત મન્વંતરના દસમા ત્રેતાયુગ દરમિયાન શ્રાવણ મહિનાના ત્રીજા દિવસે કરવામાં આવી હતી. શ્રીમદ જગદગુરુ શંકરાચાર્ય વૈદિક શોધ સંસ્થાન, વારાણસીના અધ્યક્ષ સ્વામી શ્રી ગજાનંદ સરસ્વતીજીએ સૂચવ્યું હતું કે સ્કંદ પુરાણના પ્રભાસખંડની પરંપરાઓ પરથી ઊતરી આવેલા આ પ્રથમ મંદિરનું નિર્માણ 7,99,25,105 વર્ષ પહેલાં થયું હતું. આમ, આ મંદિર અનાદિ કાળથી લાખો હિંદુઓ માટે પ્રેરણાનો સ્ત્રોત છે. રવિવારે પોષ આઠમે સોમનાથ પર હુમલાના 1000 વર્ષ પૂર્ણ થતાં હતાં આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું, કે 1 હજાર વર્ષ અગાઉ આ સ્થળ પર કેવો માહોલ રહ્યો હશે! આપણાં પૂર્વજોએ આસ્થા, વિશ્વાસ અને મહાદેવજી માટે બલિદાન આપ્યા.

હજાર વર્ષ બાદ આજે પણ સોમનાથ મહાદેવ મંદિરના શિખર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું આહ્વાન કરી રહી છે. ગઝની અને ઔરંગઝેબ જેવા આક્રમણકારી વિચારી રહ્યા હતા કે તેમની તલવાર જીતી ગઈ. કટ્ટરપંથીઓ સમજી ન શક્યા કે જે સોમનાથને તે નષ્ટ કરવા માંગતા હતા, તેના નામમાં જ સોમ એટલ કે અમૃત જોડાયેલું છે. ગઝનીથી લઈને ઔરંગઝેબ સહિત સોમનાથ પર હુમલો કરનારા આક્રમણકારીઓ ઈતિહાસના પાનાંમાં દટાઈ ગયા, પણ સોમનાથ મહાદેવ મંદિર સમુદ્રના તટ પર આજે પણ અડીખમ ઊભું છે.

# કલાકાર ભૂપેન ખખ્ખર વિશેનું સંશોધન...

આપણે ત્યાં એક સાથે બે કળાઓમાં સિદ્ધિ હાંસલ કરનારા ઘણા કલાકારો છે, એ સંદર્ભે સાહિત્ય અને ચિત્ર એ બે કળામાં મહત્ત્વનું પ્રદાન કરીને સિદ્ધિ મેળવનાર સર્જકોમાં જોઈએ તો રવિશંકર રાવળ, ગુલામ મોહમમ્મદ શેખ, અમૃતલાલ વેગડ, પ્રદ્યુમ્ન તન્ના, ભાનુ શાહ વગેરેને ગણાવી શકાય, તેમની હરોળમાં જ ભૂપેન ખખ્ખરે સાહિત્ય અને ચિત્રકળા બેઉમાં સિદ્ધિ હાંસલ કરી- બધાથી નોખા તરી આવે છે, તેઓ ગુજરાતી સાહિત્યના આધુનિકતાના વળાંકોમાં ય નરવી-નોખી-સર્જકતા બતાવી જાણે છે. આ ઉભય સર્જકત્વમાં એવું જોવા મળ્યું છે કે તેમનાં ચિત્રોની અસર સાહિત્ય પર અને સાહિત્યની અશર ચિત્રો ઉપર ઉતરી આવી છે. (પૃ.138)માં મિતેશ પરમારે આ રીતે ઉપસંહાર કરતીવેળાએ ભૂપેન ખખ્ખરનો પરિચય આપ્યો છે.


આપણે ત્યાં ચિત્રકાર અને સમાન્તરે સાહિત્યકાર હોય તેવી પણ એક પરંપરા ઊભી થયેલી છે. ચિત્ર અને કથાનું જોડાણ તો સદીઓથી હતું જ. ચિત્રપટ, લઘુચિત્રોવાળા ગ્રંથો આપણને આઠ-દસ સદીઓ પહેલાથી મળે છે અને એને વ્યાપકરૂપે જોઈએ તો ભારતીય કળાઓ- પછી એ દશ્ય હોય કે શ્રાવ્યરૂપની હોય- એકબીજા સાથે ઘણીબધી રીતે જોડાયેલી છે, એકબીજાને પ્રભાવ આપતી રહી છે, પ્રેરણા લેતી રહી છે. એ પરંપરામાં અર્વાચીન સમયમાં મોટું ઉમેરણ ભૂપેન ખખ્ખરનું છે. એમણે રૂઢિને કેટલીક રીતે જાળવીને ય અરૂઢની આરાધના કરી છે. ગુજરાતી સાહિત્યમાં 1950 પછીનો સમયગાળો આધુનિકયુગ તરીકે જાણીતો છે. કેમકે, એમાં સુ.જો. પ્રેરીત આધુનિકતાનાં સિદ્ધાંતોએ અને ક લેખકોને, કવિઓને, વિવેચકોને એ દિશામાં વિચારવા, સર્જન કરવા અને પ્રયોગશીલ વલણો દાખવવા તરફ વાળેલા. ભાવક મૂંઝાઈ જાય એટલી હદની પ્રયોગખોરી વ્યાપી હતી એ સમયે ભૂપેન ખખ્ખર નીજી મુદ્રા અને સમજ સાથે સક્રિય થયા છે. મિતેશ પરમારે એમ.ફિલ. ની પદવી મેળવવા માટે શ્રી અજયસિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ સંશોધન કરીને એના પરિપાકરૂપે આ કાર્ય સમ્પન્ન કર્યું છે.




સંપાદનઃ નરેશ શુક્લ

આરંભે ભૂપેન ખખ્ખરના જીવનનો ગ્રાફ આલેખવામાં આવ્યો છે. ભૂપેન ખખ્ખરના મિત્ર વલ્લભદાસ શાહને ટાંકીને લખે છે- ભૂપેન ખખ્ખર ગુજરાતમાં વસેલી ખત્રી કોમના છે. પિતાના પરિવારમાં પૂર્વજો ચૂડગર હતા (હાથીદાંતની ચૂડીઓ બનાવવાનો કસબ ધરાવતા) અને માતૃપક્ષે પૂર્વજો રંગાટી (કાપડનું રંગકામ કરતા કારીગરો) હતા. ખત્રીઓ સામાન્યતઃ જન્મજાત કલાકારો અને કસબીઓ હોય એવું મનાય છે.(પૃ.13, એજન) એમનું વ્યક્તિત્વ આ રીતે અલગ પડે છે, જૂઓ- મુંબઈ છોડ્યા પછી પોતાની માતાએ સંપત્તિનો જે ભાગ તેમને આપેલો તે પણ ભૂપેન ખખ્ખરે પોતાના ભાઈને આપી દીધેલો. આ માટે એમણે એવી દલીલ કરેલી કે, દીકરા લેખે મેં મારી મા માટે કંઈ જ કર્યું નથી, તો એની વસાવેલી સંપત્તિ કેમ કરી લઉં...– આવા પ્રસંગોથી ભરેલા એમના જીવનમાં અનેક ચડતી-પડતી અને આંતરસંઘર્ષભર્યું વિલક્ષણ લાગતું જીવન પ્રગટી આવ્યું છે. મિત્રોની રેન્જ બહુ મોટી છે, કુલી-મજૂરથી માંડીને વિશ્વભરમાં ખ્યાત હોય તેવા મોટા મહાનુભાવો સાથેનું સહજ જોડાણ એમના વ્યક્તિત્વની ઝાંખી કરાવે છે.

પછીના પ્રકરણોમાં એમના પ્રકાશિત એવા બે નાટકોની વિગતે ચર્ચા કરી છે. લખે છે- 1988માં મોજીલા મણિલાલ- નામે નાટકથી નાટ્યલેખન આરંભે છે. અહીં પણ તેઓ સમકાલીન નાટ્યકારોથી ઉફરા ચાલ્યા છે. મધ્યમવર્ગના સ્ત્રી-પુરુષોની જાતીય સમસ્યાને લઈને નાટક લખતી વખતે ભાષાની રમતિયાળ શૈલીનો ઉપયોગ કરે છે. તેમ કરીને સામાજિક રીત-રિવાજો અને આદર્શોની ઠેકડી ઉડાડે છે. કૌટુંબિક સંબંધો કેવાં પોકળ હોય છે, તેનું નિદર્શન કરાવે છે. આધુનિક નાટ્યકારોની ટૅક્નિકનો ઉપયોગ કર્યા વિના નાટકનું સર્જન કરી સંવાદો અને વસ્તુ દ્વારા તથા નાટકના અંત દ્વારા ખાસ્સો ઊભાપોહ જગવેલો. ભાગ્યે જ કોઈ સાહસ કરે એ પ્રકારનું બોલ્ડ સાહસ કરીને ભૂપેન ખખ્ખર નાટકને ધારદાર બનાવે છે. (પૃ.28, એજન) એમ કહીને સમગ્ર નાટકને વિગતે તપાસવામાં આવ્યું છે. મોજીલા મણિલાલ– નાટકના વિવિધ સ્તરને વિગતે સમીક્ષાની એરણે ચડાવ્યા છે. સંશોધક કહે છે- આવી નાટ્ય પ્રસ્તુતિ તો એ સમયે ખૂબ જ હિંમતનું કામ કહેવાય. આપણો સાંસ્કારિક પરંપરામા માનનારો સમાજ આવી રંગીન રચનાને કેમ ખમી શકે... નાટકમાં બે બાબતો ખાસ વર્ણવાઈ છે. એક તો નારી સંવેદના ને બીજી જાતીયતા. (પૃ. 29) તો એમનું બીજું નાટક જે ઈ.સ. 1973માં સંજ્ઞા નામના નાટ્યવિશેષાંકમાં પ્રગટ થઈ હતી...માત્ર બે નાટકો આપ્યા હોવા છતાં તેમણે કરેલ નાટકના પ્રયોગમાં તેમની પ્રતિભા પૂર્ણ રીતે ખીલી ઊઠી છે. પોતાના મિત્રો દ્વારા રંગમંચની સૂઝ મેળવી, વિશિષ્ટ ભાષાકર્મને કારણે આધુનિક નાટકની વિશિષ્ટ ભંગિમા રજૂ કરી બતાવી છે. જીવનના અનુભવખંડોને, માનવજીવનની એકલતાને, અધૂરપને, અતૃપ્તિને, અતૃપ્તિઓને વિવિધ પ્રસંગો અને સાદી પ્રયુક્તિઓથી ઉત્તમ રીતે કંડારી આપતું આ નાટકનું કથાવસ્તુ (પ્રત્યક્ષ અને પરોક્ષ) વાડીલાલ ડ્રેસવાળાની આસપાસ રચાયું છે. (પૃ.51, એજન) નાટકનું નામ છે- વાડીલાલ ડ્રેસવાળા યાને કુકર્મોની કહાણી.




જો કે, ભૂપેશ ખખ્ખરના નાટકોની વાત કરતી વેળાએ કે પછી વાર્તાઓની વાત કરતી વેળાએ સંશોધકે વારંવાર પુનારવર્તન કરીને કહ્યું છે કે આ વાર્તાકાર આધુનિકતાના વહેણમાં તણાયા નથી. ઉફરા ચાલ્યા છે- આ વિધાન સંશોધકની આધુનિકતા વિશેની સમજ અધૂરી હોવાનું જણાયા વિના રહેતુ નથી. ભૂપેન ખખ્ખર, ચંદ્રકાન્ત બક્ષી, રઘુવીર ચૌધરી, સરોજ પાઠક સહિતના અનેક એવા નામો છે જેમણે પોતાની રચનાઓમાં ઘટનાને તિરોહિત કર્યા વિના પણ આધુનિક વલણો દાખવ્યા હોય. દુર્બોધતા અને અતિ પ્રયોગશીલ વલણ એ સમયની મર્યાદા પછીથી ઉભરી આવી પણ એને બાદ કરીને ય આધુનિકગાળાએ નવી નવી દિશાઓમાં ઘણું આપ્યું છે એ હકીકત છે અને એમાં ભૂપેશ અધ્વર્યુ, ઘનશ્યામા દેસાઈ, ભૂપેન ખખ્ખર જેવા સાવ ઓછું લખીનેય ઘણું સમૃદ્ધ આપી ગયા છે.

> **જો કે, ભૂપેશ ખખ્ખરના નાટકોની વાત કરતી વેળાએ કે પછી વાર્તાઓની વાત કરતી વેળાએ સંશોધકે વારંવાર પુનારવર્તન કરીને કહ્યું છે કે આ વાર્તાકાર આધુનિકતાના વહેણમાં તણાયા નથી. ઉફરા ચાલ્યા છે- આ વિધાન સંશોધકની આધુનિકતા વિશેની સમજ અધૂરી હોવાનું જણાયા વિના રહેતુ નથી.**

એક જ વાર્તા સંગ્રહ - મગનભાઈનો ગુંદર અને અન્ય વાર્તાઓ(સચિત્ર) નામે 2001માં નૌશિલ મહેતા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. એ અગાઉ આ વાર્તાઓ વિવિધ મેગેઝિનમાં પ્રકાશિત થઈ હતી અને સાહિત્યરસિકોમાં સાવ અનોખા વાર્તાકાર તરીકે ભૂપેન સ્વીકાર્ય પણ બન્યા હતા.

વાર્તાકાર તરીકે એમની વિશેષતાઓ આ રીતે નોંધી છે- ઘટના પ્રયસંગનુંયોગ્ય સંકલના, વિસ્તાર, વિષય, પાત્ર, ભાષા, અભિવ્યક્તિની છટાઓ આપણને વાસ્તવનુ દર્શન કરાવે છે, વાર્તામાં સંડોવે છે. એક સમયે શહેરનો મધ્યમવર્ગ જે વેદના-સંવેદના અનુભવતો અને એ અનુરૂપ કાર્ય કરતો, એ બાબતો આજના ભીડભર્યા વાતાવરણમાં ય ક્યાંક ક્યાંક થતી હશે એનો ચિતાર અહીં છે. વાર્તાઓનું સબળ સંકલન આગવી છાપ ઉપસાવે છે.વાડકી, સ્વપ્નસુંદરી, ફોરીન સાબુ, મનોજનો ત્યાગ, મનોજનું વેર, આ પાંચ વાર્તાઓ ત્રીજા પુરુષના કથનકેન્દ્રથી રજૂ થઈ છે. જ્યારે મંજરી, રતિલાલ અને હું, મદ્રાસી હોટેલ અને મોહનભાઈની મુલાકાત, એક ડાયરીનાં ત્રણ પાનાં, મગનભાઈનો ગુંદર, વલેચા આ પાંચ વાર્તાઓ પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રથી રજૂ થઈ છે. પ્રસંગનું બદલાતું દશ્ય, વર્ણનની તાદશ્યતા, સંવાદો, બોલીના લહેતા, લઢણોની પળોટાયેલી ભાષામાંથી એક સાથે વાતાવરણ, દશ્ય ચિત્રાત્મકતા, વ્યક્તિત્વ ઊપસી આવે છે. આ બધું પરંપરાગત રીતની વાર્તા પ્રમાણે આલેખાયું છે, ને છતાં રચનારીતિ બધા વાર્તાકારો કરતાં જુદી છે. એ જ આ વાર્તાઓનું જમા પાસું છે. (પૃ. 71, એજન)

સંશોધકે વિવેચનની પદ્ધતિએ મોટાભાગની વાત મૂકી છે, પરિભાષાઓનો ઉપયોગ કરવામાં બહુ છૂટછાટ લીધી હોવાથી ઘણીવેળાએ અનર્થ સર્જાયા છે, સંશોધનોમાં કેટલીકવાર પુનારાવર્તનો સ્વાભાવિક ક્રમમાં થઈ જતાં હોય છે પણ એનો અતિરેક ટાળી શકાય. તેમ છતાં આખોય ગ્રંથ સુવાચ્ય અને કેટલીક રીતે ભૂપેન ખખ્ખરના વિત્તને ઉપસાવી આપે તેવું આલેખન પામ્યો છે. આ ગ્રંથનો ત્રીજો ભાગ નિબંધ અને કાવ્યો, પ્રકીર્ણ લેખનને તાકે છે. હા એમના વિશેના લેખો, પ્રતિભાવો, વિવેચનો, અને કૃતિઓને લગતી સૂચિ સરસ રીતે કરવામાં આવી હોવાથી ભવિષ્યના સંશોધકો માટે ઉપયોગી સંદર્ભ બની રહે.

મિતેશ પરમાર સક્રિય રહે અને વધારેને વધારે તપ કરશે જ એવી શ્રદ્ધા છે. શુભેચ્છાઓ.

**(અરૂઢનો આરાધકઃ ભૂપેન ખખ્ખર (સંશોધન) મિતેષ પરમાર, પ્ર.આ. 2023, પ્રકા. સ્વયં પ્રકાશિત, પ્રકાશન-વ્યવસ્થા- આદર્શ પ્રકાશન, 1760, ગાંધીમાર્ગ, બાલાહનુમાન સામે, અમદાવાદ-380 001, કુલ પાનાં- 144, કિં. 200.00, પાકું પૂંઠું, ડેમી)**

# આદિવાસી લોકગીતોનાં સંશોધનમાં ઉપયોગી થાય એવો ગ્રંથ...


દક્ષિણ ગુજરાત વિસ્તારમાં બહુ જ પ્રસિદ્ધ એવી કોલેજ એટલે વનરાજ આર્ટ્સ કોલેજ, વ્યારામાં 1996થી કાર્યરત એવા મેરુ વાઢેળ સાતત્યપૂર્વક લખતા-વાંચતા રહેલા અધ્યાપક છે. આ અગાઉ એમનાં 16 ગ્રંથો પ્રકાશિત થયા છે. એના શીર્ષક જોવાથી ખ્યાલ આવે છે કે ગીત અને પદ્યસ્વરૂપોમાં એમને સવિશેષ રસ છે. કાવ્યાક્ષરે, કાવ્યાનુષંગે, શબ્દાનુષંગે, ગુજરાતી ખંડકાવ્યો, ગુજરાતી ગઝલ, ગુજરાતી ગીત, કાવ્યાનુશીલન, લોકગીત વિમર્શ, લોકવિદ્યાવિમર્શ- મહત્ત્વના છે. આ ઉપરાન્ત આદિવાસી લોકસાહિત્યને લગતું સંશોધન કરવાનું એમને ગમ્યું છે. ખાસ કરીને યુજીસી અન્ય સંસ્થાઓના પ્રોજેક્ટ રૂપે એમણે આ પ્રકારના સંશોધનકાર્ય હાથ ધર્યા છે.

આ પુસ્તકના આરંભે આ વિસ્તારના કેટલાક વિદ્વાનો દ્વારા એમના વિશે, એમના સંશોધન કાર્ય વિશે વાત કરતા પત્રો સમાવવામાં આવ્યા છે. એમાથી એ ખ્યાલ આવે છે કે શ્રી મેરુ વાઢેળ વ્યારા-સોનગઢના વિસ્તારમાં વસેલી વિવિધ આદિવાસી જનજાતિઓમાં સીધાં ભળે છે, એમના પ્રસંગે રૂબરુ જઈને ઊભા રહે છે એટલે ખાસ્સો વિશ્વાસ સંપાદન કરી શક્યા છે. વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓના વાલીઓ અને આગેવાનો સાથેના એમના સંપર્કો ગાઢ છે, એનો સરસ મજાનો ઉપયોગ કરીને ડેટાકલેક્શન કરવાથી માંડીને તળ-બોલીના શબ્દોના અર્થો સુધી પહોંચી શક્યા છે. પ્રાયમરી ડેટા કલેક્શનરૂપે આ ગીતોની ઉપયોગીતા છે. ભવિષ્યના સંશોધકો માટે આ ડોક્યુમેન્ટેશન ઉપયોગી થાય એમ છે. જો કે, મને હમેશાં પ્રશ્ન રહ્યો છે કે જ્યારે વિવિધ પ્રકારના જાતિવિશેષના લોકો એક સાથે રહેતા હોય, એકબીજાની સાથે રોટી-બેટીનો વ્યવહાર હોય, પ્રસંગે એક-બાજા ઉભા રહેતા હોય એવા સંજોગોમાં એમના દ્વારા ગવાતા લોકગીતો ક્યારેય ચોક્કસ જાતિના કઈ રીતે હોઈ શકે...ગામિત જાતિના લોકગીતો વસાવા ન જાણતા હોય એવું ખરેખર હોય છે ખરું...અને જો એમ ન હોય તો કોઈ એક જાતિના નામે આ ગીતો ચડાવવાથી ચાલે ખરું....-

ખેર, એ મુદ્દો એકેડેમિક વર્તુળોમાં ચર્ચાય છે પણ ઉકેલ તરફ જતો નથી.

> **ડૉ. મેરુ વાઢેળ લખે છે- કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે જોડાયો ત્યારે ખબર પડી કે, વ્યારા કોલેજમાં સૌથી વધુ સંખ્યા આદિજાતિના વિધાર્થીઓની છે. તેમાં ખાસ કરીને ચૌધરી, ગામીત, ઢોડિયા, કોંકણી, વસાવા, પાડવી, વળવી હળપતિ- જેવા અનેક આદિજાતિ સમુદાયના વિધાર્થીઓ ઘણી વખત અરસ-પરસ પોતાની બોલીમાં વાતો કરતા ત્યારે એક પ્રકારની જિજ્ઞાસા થતી. હું**

ડૉ. મેરુ વાઢેળ લખે છે- કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે જોડાયો ત્યારે ખબર પડી કે, વ્યારા કોલેજમાં સૌથી વધુ સંખ્યા આદિજાતિના વિધાર્થીઓની છે. તેમાં ખાસ કરીને ચૌધરી, ગામીત, ઢોડિયા, કોંકણી, વસાવા, પાડવી, વળવી હળપતિ- જેવા અનેક આદિજાતિ સમુદાયના વિધાર્થીઓ ઘણી વખત અરસ-પરસ પોતાની બોલીમાં




વાતો કરતા ત્યારે એક પ્રકારની જિજ્ઞાસા થતી. હું સૌરાષ્ટ્રમાં ભણ્યો, ત્યાંના વિધાર્થીઓ અને આ વિસ્તારના વિધાર્થીઓમાં કેટલીક અભિન્નતા નજરે ચડતી હતી. ક્લાસરૂમમાં કોઈ વિધાર્થીઓને કાંઈ પૂછવામાં આવે તો પણ એ પોતાની શરમાળવૃત્તિથી લાઘવતાથી જવાબ આપે. નિર્દોષપણુ-ભોળપણ ઊડીને આંખે વળગે. કોઈ જાતની આડોડાઈ–વાયડાઈ નહી. સીધું સાદું વ્યક્તિત્વ મને ખૂબ સ્પર્શવા લાગ્યું. (પૃ.9) (જોડણી અને ભાષા મૂળ મૂજબ રાખી છે)

ગામીત જાતિનો પરિચય આપવા સાથે આ વિસ્તારના આદિવાસીઓની પેટા જાતિઓનો પરિચય, વસ્તીની સંખ્યા, ખાસીયતોની માહિતી આપવામાં આવી છે. ત્યાર પછી ગામીત જાતિના લગ્ન ગીતો, ધાર્મિક ઉત્સવના ગીતો, જીવનના વિવિધ પ્રસંગે ગવાતા ગીતો, દેવોને લગતા ગીતો, ભગવાન ઈસુને કેન્દ્રમાં રાકીને સર્જાયેલાં ગીતો આ સંપાદનમાં સમાવેશ પામ્યાં છે. ગામીત બોલીમાં લીપિબદ્ધ કરાયેલાં આ ગીતોમાં શું વ્યક્ત થયું છે તેનો પરિચય લેખક દ્વારા કરાવવામાં આવ્યો છે. ખરેખર તો શબ્દોના અર્થો ટીપ્પણરૂપે કે ફૂટનોટમાં આપવાનો નિયમ છે પણ મેરુભાઈ એમાં ગયા નથી. ગામીત લોકોના પહેરવેશ, માન્યતાઓ, લય-લહેકાઓ આ ગીતોમાં પ્રગટે છે. જીવન બહુ સંકુલ નથી, જીવનનો આનંદ, રોજિંદા જીવનની જરૂરિયાતો, ઈચ્છાઓ, ઉમળકો પ્રગટ કરતા આ ગીતો માત્ર ગામીત જાતિના લોકો દ્વારા જ ગવાતા હશે અને એમની જ સાથે વસતા વસાવા, નાયકડા, ધાનકા, રાઠવા, વારલી, પટેલિયા, કોટવાડિયા વગેરે નહીં જ ગાતા હોય એવું કોઈ પ્રતિપાદન આ સંશોધનગ્રંથમાંથી પ્રગટતુ નથી.

આ પ્રકારના ગ્રંથોનું મહત્ત્વ છે દસ્તાવેજીકરણની રીતે. સમયની સાથે જેમ જેમ સામાજિક સમરસતા વધી રહી છે, સૌને કેળવણી મળવાને કારણે શદ્ધ ગુજરાતી બોલવા અને ખાસ તો લખવા તરફ વલણ વધ્યું છે, જીવનશૈલી તદ્દન બદલાઈ ગઈ છે, પહેરવેશ, સાંસ્કૃતિક ધરોહરમાં ઘણો બદલાવ આવ્યો છે. ખ્રિસ્તી ધર્મનો ફેલાવો આ વિસ્તારમાં સૌથી વધારે છે, એટલે સ્વાભાવિક જીવનમૂલ્યો, વિચારણા અને જીવનરીતિમાં પણ બહુ મોટો બદલાવ આવી ગયો હોવાની છાપ આ ગીતોમાં ઝીલાઈ છે. ભગવાન ઈસુને લગતા ઘણાં ગીતો આ સંગ્રહમાં છે જે બતાવે છે કે જીવનમાં એ વણાટ કઈ હદે વ્યાપી ચૂક્યું છે, રસાઈ ચૂક્યું છે- એનો અભ્યાસ કરવા માટેની સામગ્રીરૂપે આ ગ્રંથ બહુ મહત્ત્વનો સાબિત થાય એમ છે.

ડૉ. મેરુ વાઢેળ આ પ્રકારનું પ્રાયમરી ડેટા કલેકશનનું કાર્ય કરીને ઉપયોગી સંચયન કરી રહ્યા છે. સમાન્તરે જો પારિભાષિક શબ્દોનો સમુચિત ઉપયોગ કરશે, જોડણીની સભાનતા અને અભ્યાસની શિસ્ત મુજબની રજૂઆત ઉપર પણ ફોકસ કરશે તો એમની ગણના જરૂર મહત્ત્વના આદિવાસી સાહિત્યના સંશોધક તરીકેની પંક્તિમાં સ્થાન અપાવશે. આ પ્રકારના સંપાદનોમાં સંશોધન પ્રવિધિ, સંશોધન તરાહ અને ખાસ તો સેમ્પલ સાઈઝ અને પ્રકારની છણાવટ પણ કરવામાં આવી હોત તો વધારે ઉપયોગી અને શાસ્ત્રીય ગ્રંથ બનીને ઉભરી આવ્યુ હોત.

આ ગ્રંથને આવકારું છું.

**(ગામીત જાતિનાં લોગગીતો, લે.ડૉ. મેરુ વાઢેળ, પ્ર.આ. 2024, પ્રકા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સહયોગથી પ્રકાશિત, કુલ પાનાં- 124, કિં. 280, કાચું પૂંઠું, ડેમી)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## બીઓબીની ગ્રાહક હિતલક્ષી અસુવિધાઓ

ભારતની ઈન્ટરનેશનલ બેન્ક એવી બેન્ક ઓફ બરોડા ગ્રાહક હિતલક્ષીઓ જરૂરી સેવા સુવિધાઓ પુરી પાડવામાં છેલ્લા ખુબ જ લાંબા સમયથી નિષ્ફળ પુરવાર થઈ રહી છે. જેમકે પાસબુક પ્રિન્ટ એ 'ઈદના ચાંદ જેવું કયારેક ચાલતુ હોય છે. ગુજરાતની બીઓબી શાખામાં મહત્તમ ગુજરાતી કર્મચારીઓ રાખવા જરૂરી છે. કારણ કે ભાષા વિનિમયમા સમજવામા મોટી સમસ્યાઓ ઉદ્ભવી રહી છે. નવુ એસબી ખાતુ ખોલાવતી વખતે ડેબીટ કાર્ડની સુવિધા નથી જોઈતી એવુ સ્પષ્ટ જણાવા પછી પણ ડેબીટ કાર્ડ ચાર્જ કાપી લેવામાં આવે છે. બીફોર રીન્યુની સિસ્ટમ અનુસાર ગ્રાહકે 12 મહિના માટે એફડી મુકી હોય અને બેન્ક કર્મચારી પાકતી તારીખ એક મહિના પહેલાની ભુલથી લખે તેનો ચાર્જ પણ ગ્રાહકે ભોગવવો પડે છે. બેન્ક ગ્રાહકોની વિવિધ સમસ્યાઓનો સંતોષકારક ઉકેલ બેન્ક શાખાના મેનેજરો દ્વારા મળતુ નથી. બેંકીંગ ક્ષેત્રે આજે હરીફાઈના યુગમાં બીઓબી તેમનુ અસ્તિત્વ ટકાવવા બેંકીગ અને ગ્રાહક હિતલક્ષી સુવિધાઓ પુરી પાડવી જરૂરી બનીછે.

**સુરત - રાજુ રાવલ**

## કૌટુંબિક શાંતિ

એક સમય એવો પણ હતો જયારે પુત્રવધૂઓ સાસુના કક્ષ અને કડક વલણથી ડરતી હતી. આમન્યા જાળવતી હતી. પરિવર્તન જગતનો નિયમ છે. હવે સાસુ પુત્રવધુના કોપથી કાંપે છે. વર્તમાન સમયમાં યુવતીઓ શિક્ષિત થઈ હોવાથી સ્વનિર્ભર બની છે અને એ યોગ્ય પણ છે. આર્થિક ઉપાર્જન આજની મોંઘવારીમાં યોગ્ય વાત જ કહેવાય પણ એ યુવતી પુત્રવધૂ બની રોફ જમાવે એ વાત સદંતર ખોટી. અપવાદ સર્વત્ર હોય જ અને છે જ. પણ નાણાંકીય આવકથી પરિવારમાં સાસુ-સસરાની આમન્યા ન જાળવે એ અયોગ્ય વાત. દિકરીને શિક્ષિત બનાવવા સાથે સંસ્કાર સિંચન પણ માવતરે અવશ્ય કરવું જોઈએ. નમ્રતા અને વિવેક તો પ્રત્યેક દિકરીને શીખવવા જ જોઈએ. સાસુ અને પુત્રવધૂ વચ્ચે મિત્રતાના સંબંધ જળવાઈ રહે તો પારિવારીક શાંતિ જળવાઈ જ રહે અને પુત્રની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી ન થાય. માતા પિતા પ્રત્યે પણ એની ફરજ આજીવન હોય છે અને પત્ની પ્રત્યે પણ ફરજ એણે યોગ્ય રીતે બજાવવાની હોય છે. બે પક્ષો વચ્ચે સમાધાનનો સમન્વય ન રચાય તો પુત્રની હાલત કફોડી બની જાય છે. એટલે કૌટુંબિક શાંતિ-સ્નેહ સંપ જાળવી રાખવા દરેક પારિવારીક સભ્યોએ સમજણ અને જતુ કરવાની વૃત્તિ રાખવી જરૂરી. સ્વમાન સૌને વહાલુ હોય.

**સુરત - નેહા શાહ**

## વ્યથા

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. વિવિધ સમાજવ્યવસ્થા સાથે સંકળાયેલી છે. સારા નરસા સામાજિક પ્રસંગોમાં અનેક માનવીઓ ભાગ લેતા રહે છે. અગાઉના સમયમાં અને આજના સમયમાં ઘણાં જ ફેરફારઈ થઈ ગયા છે. લગ્ન-મરણ પ્રસંગમાં ઘણો જ બદલાવ આવીગયો છે. સાથે ભોજન લેવાની વ્યવસ્થાપણ બદલાઈ ગઈ છે. જેને બુફે ભોજન લેવાનું કહેવામાં આવે છે. કાર્યક્રમ પૂરો થતાં જ ભોજન, પ્રસાદ વગેરે લેવાના નામથી જાહેરાત કરવામાં આવે છે. બપોર કે સાંજનો ભોજન લેવાનો સમય થઈ ગયો હોવાથી પ્રસંગમાં ઉપસ્થિત તમામ મહેમાનોને જમવાની તથા ઘેર પરત થવાની ઉતાવળમાં હોવાથી જયાં બુફે ભોજનની વ્યવસ્થા હોય છે ત્યાં મુકવામાં આવેલ ટેબલ પાસે ધક્કામુક્કી કરીને પહોંચી જાય છે. પ્રથમ તો જમવા માટેની થાળી, વાડકી, ચમચી લેવા માટે પડાપડી થાય છે.

એક જ ટેબલ હોય તો ઘણી જ અવ્યવસ્થા થઈ જાય છે. પછી ભોજન માટેની વાનગી લેવા માટે લાંબી લાઈન લાગે છે. ઓછા કાઉન્ટર હોય તો લાઈનમાં પણ ધક્કામુક્કી થવા માંડે છે. પહેલી વખત જ થાળીમાં વધારે રસોઈની વાનગી લઈ લેવી જેથી બીજીવાર ફરીથી લાઈનમાં ઉભા રહેવુ ન પડે એવી ખોટી માન્યતાને કારણે વધુ પડતી વાનગી લઈ લે છે. જેથી બગાડ પણ થતો જોવા મળે છે. દરેક મહેમાન કંઈ સમજદાર નથી હોતા. રસોઈ લેવામાં ધક્કામુક્કી વખતે તો વરિષ્ઠ નાગરિકની દશા જ દયનીય હાલતમાં જોવા મળે છે. બીજીવાર જરૂર પુરતી વાનગી લેવા માટે વ્યથા બોલતા જોવા મળે છે. તો એમની પીડા દૂર કરવા માટે ડાઈનીંગ ટેબલની સગવડ હોવી જરૂરી છે. વિતેલા સમયમાં પંગતમાં બેસીને જમાડવાની વ્યવસ્થા યોગ્ય હતી. પંગતમાં સમૂહમાં બેસીને ભોજન લેવાનો આનંદ કંઈ જુદો જ હતો. પીરસનારા પણ હેતથી પીરસતા. તો બીનજરૂરી ખર્ચ ઓછો કરીને અન્ય પીરસનારાને પણ પૈસા આપીને પંગતમાંબેસીને ભોજન લેવાની વ્યવસ્થા જ યોગ્ય છે. એવુ મારૂ અંગત મંતવ્ય છે. વરિષ્ઠ નાગરિકની વ્યવસ્થા કરવાથી એમની વ્યથા પણ દૂર થશે.

**કોબા - મગનલાલ એલ. પટેલ**

## સુપ્રિમ કોર્ટના ઉપકારક નિર્ણયો

દેશની કોર્ટોમા કેસોના વિલંબ અને કેસોના વધતા ખર્ચ ભારતનીન્યાય વ્યવસ્થા સામે સૌથી મોટો પડકાર છે અને ન્યાયની સાચી પરિક્ષા કાયદાના સિધ્ધાંતો નહી પરંતુ દેશના સામાન્ય લોકોના દૈનિક અનુભવો છે. ઓડીશા હાઈકોર્ટ બાર એસોસીએશનના એક કાર્યક્રમમાં બોલતા સુપ્રિમ કોર્ટના આ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે તાજેતરમાં જણાવેલ હતુ કે ન્યાયનો અર્થ ત્યાર જ છે જયારે તે સરળતાથી સુલજી, ઓછો ખર્ચાળ અને માનવીય હોય. સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની આ વાત દેશના સામાન્ય માનવીના ન્યાયના હિતમાં આવકાર્ય હોઈ અભિનંદનીય છે. સુપ્રિમ કોર્ટના નીચેના નિર્ણયો દેશ અને સમાજ હિતના હોઈ અભિનંદનને પાત્ર ગણી શકાય. સંભાળ ના રાખતા સંતાનો પાસેથી માતા પિતા સંપતિ પાછી લઈ શકે. લાંબા કાનૂની કેસોને લઈ લગ્નમાત્ર કાગળ પર ટકે તેના કરતા અલગ થઈ જવું જોઈએ. આરોપીને ધરપકડનુંકારણ ના જણાવવું. એ તેના જીવન અને વ્યકિતગત સ્વતંત્રતાના અધિકારનો ભંગ છે અને તેથી ધરપકડ પહેલા લેખિતમાં કારણ આપવુ ફરજીયાત છે. કેરળના કેન્દ્ર સરકાર સામેના કેસમાં સુપ્રિમ કોર્ટે ટીપ્પણી કરતા જણાવેલ હતું કે ભારત મજબૂત છે, વિશ્વ ભારતની તાકાત માની રહ્યું છે, ગર્વ થવો જોઈએ. વર્ષ 1985માં નીમેલાની પોલીસ ચકાસણી વર્ષ2010માં પુરી થતા સુપ્રિમ કોર્ટે બધા રાજયોની પોલીસને સરકારી નોકરીમાં લીધાના છ માસમાં જ ઉમેદવારની સઘળી ચકાસણી કરવા જણાવેલ. બેનર્સ હોય એટલે કે આશ્રય ગૃહ એ રાજય સરકાર તરફથી મળતુ કોઈ દાન નથી પણ સરકારની જવાબદારી છે. ડોકટરો જેનરીક દવાઓ જ પ્રિસ્ક્રાઈલ કરે તેમ ફરજીયાત કરવું જોઈએ.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

## 'મિત્ર' અખબારની અંબાજી મંદિરની દુર્લભ તસ્વીર

ઈશુના 2026ના વર્ષમાં તાજેતરની તા. 3.1.26ના રોજ આપણા શહેરના અંબાજી રોડની અંબામાતાની સાલગીરી મહોત્સવ નિમિત્તે માતાજીના પરમ ભકતોની ખીચોખીચ હાજરીમાં રંગેચંગે શાનદાર ઉજવણી કરવામાં આવી. એની મહા આરતીમા ભકતોએ હોંસેહોંસે ભાગ લીધો. બધા ભકતો રાજીના રેડ થઈ ગયા. આ પ્રાચીન મંદિરના ધન્ય અવસર પર શહેરના જાણીતા વ્યાપારીઓ પણ હાજર રહી આ ઉત્સવથી ધન્ય બની ગયા. ભાવુક બનીને જય અંબે માતાની ઉમંગ ઉત્સાહથી જય બોલાવી એના કારણે મંદિરનું પવિત્ર વાતાવરણ અલૌકિક બની ગયું. જય અંબે માતાજીની મહાઆરતી પછી ભકતોને પ્રેમથી મહાપ્રસાદ આપવામાં આવ્યો. ગરીબ વર્ગની પૈસાથી ઝોળી છલકાઈ ગઈ. તેઓ ખુશ થઈ ગયા.અહીં મહત્વની જાણકારી એ આપવાની કે સન 1664ની છઠ્ઠી જાન્યુઆરીના રોજ છત્રપતિ શિવાજી મહારાજ આ માતાજીના મંદિરની મુલાકાતે આવ્યા હતા. શીશ ઝુકાવી બે હાથ જોડી નમન કરી અંબાજી માતાના વિજયી ભવના આશીર્વાદ લીધા હતા.

વર્ષો વીતી ગયા છતા આ પ્રાચીન દુર્લભ તસવીર મંદિરમાં સચવાયેલી છે. યોગાનુયોગ આજની છઠ્ઠી જાન્યુઆરીના 'મિત્ર' અખબારે 'ગુજરાતમિત્ર'ના પરમ ભકતો માટે આ તસવીર પ્રકટ કરી બધા વાચકોના દિલ જીતી લીધા. અમારા જેવા 70 વર્ષ પુરાણા મિત્ર અખબારના વાચકોને એનો બેહદ આનંદ થયો છે. ખેર 162 વર્ષ પુરાણા અખબાર ગુજરાતમિત્ર વાચકો માટે આટલો પરિશ્રમ કરે છે એના માટે ધન્યવાદ આપવા પડે.

**સુરત - જગદીશ પાનવાલા**